RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૯૭ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમિત ધીરજભાઈ મહેતા
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જા.મા.અ.

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમિત ધીરજભાઈ મહેતાની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મરેલા મોટા જાનવરોને શહેરમાંથી ઉપાડી તેનો નિકાલ કરવાની મહાનગરપાલિકાની શી નીતી છે ? તેની માહિતી આપવી.(૨) પ્રશ્ન ૧ અંગે સક્ષમ સત્તાએ કયા કયા ઠરાવો કર્યા તે તમામ ઠરાવોની નકલો આપવી. વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.**

**સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની SMC/FAP/ નં.૫૯૭/૨૦૧૧–૧૨**

શ્રી અમિત ધીરજભાઈ મહેતાની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મરેલા મોટા જાનવરોને શહેરમાંથી ઉપાડી તેનો નિકાલ કરવાની મહાનગરપાલિકાની શી નીતી છે ? તેની માહિતી આપવી. (૨) પ્રશ્ન ૧ અંગે સક્ષમ સત્તાએ કયા કયા ઠરાવો કર્યા તે તમામ ઠરાવોની નકલો આપવી. વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો જોગવાઈની નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૭૦૩ તો૭–૨–૧૨ થી** ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જા.મા.અ. તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પીએચડી/સો.વે.મે./આ.નં.૧૮૨૨ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૨૯ તા.૨૮–૧૨–૧૧ થી આરોગ્ય અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૮૦૯ તા.૧૪–૨–૧૨ ના પત્રની નકલ, સ્થા.સ. ના ઠરાવ નં.સ્થા.સ. નં.૧૧૮/૯૬ તા.૧૧–૧–૯૬ ના ઠરાવની નકલ , સ્થા.સ.ઠ. નં.૧૦૯૦/૯૮ તા.૨–૭–૯૮ ના ઠરાવની નકલ, સ્થા.સ. ઠ. નં.૯૮૯ /૯૯ તા.૩૦–૬–૯૯ ના પત્રની નકલ, સ્થા. નં.૧૦૭૯ /૨૦૦૨ તા.૧૯–૯–૦૨ ના પત્રની નકલ, ૧૩૫૬/૨૦૦૫ તા.૧–૯–૦૫, સ્થા..સ.ઠ નં. ૧૩૯૧ /૨૦૦૯ તા.૧૫–૧૦–૦૯ ના પત્રની નકલ, સ્થા.સ.ઠ નં.૧૬૬૯ /૨૦૧૦ તા.૩–૯–૧૦ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ નં.૫૭૧/૨૦૧૧ તા.૧૧–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી સુમપાને સંબોધતી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૮૨૯ તા.૨૮–૧૨–૧૧ થી આરોગ્ય અધિકારીને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ પણ માહિતી ન મળવાના કારણે તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માહિતી ન આપનાર અધિકારી સામે પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/સોવેમે/આ.નં.૧૮૦૯ તા.૧૪–૨–૧૨ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) મરેલા મોટા જાનવરોને

શહેરમાંથી ઉપાડી તેનો નિકાલ કરવાની મહાનગરપાલિકાની શી નીતી છે ? તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મનપા ધ્વારા ટેન્ડર પ્રક્રિયા મારફત આ કામગીરી ખાનગી ઈજારદાર પાસેથી કરાવવામાં આવે છે. ઈજારદારે શહેર હદ વિસ્તારમાંથી મૃત પશુઓને પોતાના વાહનો ડ્રાઈવરો –કામદારો મારફત ઉપાડી ભટાર ડીસ્પોઝલ સાઈટ ખાતે નિયત કરેલ સ્થળે મનપાએ ખોદેલ ખાડામાં તેનો અંતિમ નિકાલ કરવાનો રહે છે. (૨) પ્રશ્ન ૧ અંગે સક્ષમ સત્તાએ કયા કયા ઠરાવો કર્યા તે તમામ ઠરાવોની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ આ કામગીરી અંગે સક્ષમ સત્તા ધ્વારા કરાવવામાં આવેલ ઠરાવોની માહિતી નીચે મુજબ છે. વધુમાં રૂા.૪૦/– સુમપાની તિજોરીમાં જમા કરાવ્યેથી માંગેલ ઠરાવની નકલ આપી શકાય તમે છે. (૧) સ્થા.સ. ઠ. નં.૧૧૮/૯૬, તા.૧૧–૧–૯૬, (૨) સ્થા.સ. ઠ. નં.૧૦૯૦/૯૮, તા.૨–૭–૯૮, (૩) સ્થા.સ. ઠ. નં.૯૮૯/૯૯, તા.૩૦–૬–૯૯, (૪) સ્થા.સ. ઠ. નં.૧૦૭૯/૦૨, તા.૧૯–૯–૦૨, (૫) સ્થા.સ. ઠ. નં.૧૩૫૬/૦૫, તા.૧–૯–૦૫, (૬) સ્થા.સ. ઠ. નં.૧૩૯૧/૦૯, તા.૧૫–૧૦–૦૯ , (૭) સ્થા.સ. ઠ. નં.૧૬૬૯/૨૦૧૦, તા.૨૭–૮–૧૦, (૮) સ્થા.સ. ઠ. નં.૫૭૧/૧૧, તા.૨૮–૪–૧૧ તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ મનપાના કોન્ટ્રાકટ ધ્વારા ભટાર ડીસ્પોઝલ પ્લાનમાં મરેલામોટા જાનવરોના ચામડા ઉતારી લેવામાં આવે છે તેના શરીરમાંથી હાડકા કાઢી લેવામાં આવે છે ચરબી તથા માંસ કાઢી લેવામાં આવે છે અને તેનો શો ઉપયોગ અંગેની માહિતી ઉપલબ્ધ નથી. (૪) મનપાની નીતિ મુજબ પ્રશ્ન નં.૩ પ્રમાણે જો આવું કોઈ કરવાનું ન હોય અને કોન્ટ્રાકટર આવુ કરતો હોય તો મનપાએ કયા પગલાં ભર્યા છે અને શિક્ષાત્મક કાર્યવાહી કરી હોય તો તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપા સાથે કોન્ટ્રકટમાં એન્ટર થયા બાદ મુદ્દા નં.૩ મુજબની બાબતો સ્થળ પર જોવા મળી નથી તથા આ ઘટના સંદર્ભે કોન્ટ્રકટરને નોટીસ આપવામાં આવેલ છે અને તેમના કોન્ટ્રાકટરની મુદત પુરી થવા પહેલા આ કામગીરી અન્ય ઈજારદારને સોપવા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવી છે. મુદ્દા નં.(૫) મરેલા ઢોરનો નિકાલ કરવા મનપાએ કોન્ટ્રકટરને ઢોર દીઠ કેટલા નાણા ચૂકવે છે અથવા કોન્ટ્રાકટર મનપાને કેટલા કેટલા નાણા ચૂકવે છે તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ કામગીરી અંગે કોન્ટ્રાકટરે પ્રતિ મૃત પશુ લેખે રૂા.૧૧૦/– મનપાને ચૂકવવાના રહે છે. મુદ્દા નં.૬ સુમપા ધ્વારા આપેલ કોન્ટ્રકટરની આડમાં ઢોર/ જાનવરોને કટીંગ કરવા મશીન મુકવા માટે પરમીશન આપે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "ના" જણાવેલ છે. મુદ્દા નં.૭ કોન્ટ્રાકટ આપવાની શરૂઆત સુમપાએ કયારથી કરી છે અને આજ દિન સુધી કોને કોને કોન્ટ્રાકટ આપેલ છે અને હાલ કોને આપેલ છે તેના નામ–સરનામા સાથે નીવિગત. અને કોન્ટ્રાકટ લેવા માટે કયા કયા પુરાવા અરજદાર પાસેથી માંગો છો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આ કામગીરીનો કોન્ટ્રાકટ આપવાની શરૂઆત સને ૧૯૯૬ થી કરવામાં આવેલ. આ કામગીરીનો કોન્ટ્રાકટ આપવા અંગે કામગીરીના અનુભવ અને ઈજારદારના વાહનોના દસ્તાવેજી પુરાવા માંગવામાં આવે છે આ કામગીરીનો ઈજારો જે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ છે તેઓના નામ સરનામા ની વિગત નીચે મુજબ છે. તેના આજ દિન સુધીની માહિતી નીચે મુજબ છે. (૧) નવનીત ડી. પટેલ ખલીફા મહોલ્લો, સુથાર મહોલ્લાની સામે, નાનપુરા, સુરત (૨) જીવણભાઈ વી. સોંદરવા ૪/૪૮૦૧, તૈયબી મહોલ્લો, ધોબી મસ્જીદની સામે, ઝાંપા બજાર, સુરતને આપ્યાનું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૭ બાબતે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે મળેલી માહિતીથી નારાજગી હોય તો રજૂ કરવા પૂરક પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તે અંગે અરજદાર સફળ રહેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારે મજકુર સદર અરજીથી સુરત શહેરમાંથી મૃત જાનવર ઉપાડી તેના અંતિમ નિકાલ કરવાના કામે વિવિધ માહિતી માંગેલ હતી જેમાં (૧) મૃત પશુઓના નિકાલ અંગે સક્ષમ સત્તા ધ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ ઠરાવની વિગત અને તેની નકલો તથા (૨) આ કામગીરી અંગે કોન્ટ્રાકટ આપવાની શરૂઆત કર્યાથી આજ દિન સુધી આપવામાં આવેલ કોન્ટ્રકટના ઈજારદારના નામ –સરનામાની વિગતો માંગેલ હતી આ કામગીરી અંગે મનપા ધ્વારા કોન્ટ્રાકટ આપવાની શરૂઆત ૧૯૯૬ થી કરેલ હોય સક્ષમ સત્તા ધ્વારા કરવામાં આવેલ વિવિધ ઠરાવોની વિગતો અને કોન્ટ્રાકટરના નામ સરનામાની વિગતો એકત્રિત કરવામાં સમય લાગેલ હોય અરજદારને નિયત સમય મર્યાદામાં બાદ માહિતી પાઠવવામાં આવેલ છે. વધુમાં કાયદેસરના પગલા ભરવાની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોઈ અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા  આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૨

પ્રતિ,

(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી અમિત ધીરજભાઈ મહેતા